# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-02-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## PM-મન કી બાત:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમનો 119મો એપિસોડ હશે.**

**આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝઓનએર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.**

**ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.**

**----------------------------------------------------------------------------------------**

## પી.એમ.કિસાન સન્માન નિધિ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 24મી ફેબ્રુઆરીના રોજ બિહારના ભાગલપુર ખાતેથી પી.એમ.કિસાન સન્માન નિધિ યોજનાનો 19મો હપ્તો ખેડુતોના ખાતામાં જમા કરશે. આ દરમ્યાન 9.8 કરોડ ખેડુતોના બેન્ક ખાતામાં સીધા બે-બે હજાર રૂપિયા જમા કરવામાં આવશે.

**----------------------------------------------------------------------------------------**

## ઈન્દુ ચાચા શ્રધ્ધાંજલિ :

**આજે જાણીતા સ્વાતંત્ર્ય સેનાની ઇન્દુલાલ યાજ્ઞિકને તેમની 133મી જન્મજયંતી નિમિત્તે શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. ગુજરાત વિધાનસભા પોડિયમમાં આવેલા ઇન્દુચાચાનાં તૈલચિત્રને વિધાનસભાના ઇન્ચાર્જ સચિવ ચેતન પંડ્યાએ પુષ્પાંજલિ અર્પી હતી.**

**ઉલ્લેખનીય છે કે,'ઇન્દુચાચા'એ મહાગુજરાત આંદોલનમાં સક્રિય ભૂમિકા ભજવીને સ્વતંત્રતાની ચળવળમાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું.**

---

## પી.એમ.આવાસ યોજના:

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત ચાલતી પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ દ્વારા જીલ્લામાં જે પણ નાગરિક કાચું મકાન ધરાવતા હોય તેવા કુટુંબને પાકું ઘર મળી રહે તે માટે જિલ્લાના તમામ ગામોમાં ઓનલાઈન સર્વે કરવામાં આવ્યો હતો. આ સર્વેમાં અત્યાર સુધીમાં ૨૨,૦૩૭ લાભાથીઓ તરફથી પાકા મકાન મેળવવવા માટે અરજીઓ મળી છે.

કેન્દ્ર સરકાર દ્વારા એવા લોકો કે જેઓ ખુલ્લો પ્લોટ ધરાવતા હોય, કાચું મકાન ધરાવતા હોય તેવા લાભાર્થીઓ માટે પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ ૨.૦ હેઠળ પાકું મકાન બનાવવા માટે આર્થિક સહાય આપવામાં આવી રહી છે. જેમાં ભુજ તાલુકામાં ૨,૩૮૭, અંજારમાં ૫૦૨, ગાંધીધામ ૯, ભચાઉં ૧,૪૫૩, રાપર ૬,૧૪૩, માંડવી ૯૯૨, મુન્દ્રા ૫૬૦, નખત્રાણા ૩,૬૫૪, અબડાસા ૩,૫૭૨, લખપતની ૨,૭૮૫ જેટલી અરજીઓ પ્રાપ્ત થઈ છે. સરકાર દ્વારા કોઈ કુટુંબ ઘર વિહોણું ન રહે અને પોતાના સપનાનું ઘર મળી રહે તે માટે ગામડે ગામડે પ્રચાર કરવામાં આવી રાહ્યો છે.

---

## NMMS 2025-પરીક્ષા:

આજે સમગ્ર રાજ્યમાં  રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા રાજ્યના 790 કેન્દ્રો પર  નેશનલ મિનસ કમ મેરીટ સ્કોલરશીપ NMMS 2025 પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં જીલ્લાના 10 તાલુકામાં 29 કેન્દ્રો પર 292 બ્લોકમાં  શાંતિપુર્ણ રીતે પરીક્ષા યોજાઈ હતી.  આ પરીક્ષામાં કચ્છમાં 8,636 વિધાર્થીઓએ નોંધણી કરાવી હતી.

ઉલ્લેખનીય છે કે  રાજ્યમાં  નબળી આર્થિક સ્થિતિ ધરાવતા તેજસ્વી છાત્રો ધોરણ 12 સુધીનો અભ્યાસ પુર્ણ કરી શકે   તથા ડ્રોપ આઉટ રેશિયો ઘટે તે હેતુથી ધોરણ 8માં અભ્યાસ કરતા  કેન્દ્ર સરકારના શિક્ષા મંત્રાલય દ્વારા   નેશનલ મિનસ કમ મેરીટ સ્કોલરશીપ યોજના અમલમાં મુકાઈ છે.

---

## આયુષ મેળો-ભુજ:

રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર તથા નિયામક આયુષની કચેરી ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ સરકારી આયુર્વેદ હોસ્પિટલ ભુજ દ્વારા આયુષ મેળો તા.૨૫મી ફેબ્રુઆરીના રોજ આર આર લાલન કોલેજ ખાતે સવારે ૯:૩૦ થી બપોરના ૪ વાગ્યા સુધી યોજાશે.

આ આયુષ મેળામાં આયુર્વેદની પંચકર્મ સારવારનું લાઈવ ડેમોન્સટ્રેશન, આયુર્વેદ-હોમિયોપેથી, યોગ, ઔષધિ વનસ્પતી પ્રદર્શન તથા નિર્દેશન તથા અન્ય સ્પર્ધાઓ રાખવામા આવશે.

આ આયુષ મેળામાં જન્મથી ૧૨ વર્ષ સુધીના બાળકોની સ્વાસ્થય રક્ષા માટે સુવર્ણપ્રાશન સંસ્કાર,  ૧૦ દિવસથી વધૂ ઉધરસ (ખાંસી), છાતીની ગાંઠ માટે મફત છાતીનો એક્સરે તેમજ ડાયાબીટીસ અને બી.પી ની તપાસ કરવામાં આવશે.

---

## હવામાન:

રાજ્યમાં ફેબ્રુઆરી મહિનામાં જ ગરમીનો પ્રકોપ શરૂ થઈ ગયો છે. સામાન્ય રીતે માર્ચ આવતાં ગરમી વધતી હોય છે, પરંતુ આ વર્ષે માર્ચ પહેલાં જ ગરમીએ જોર પકડ્યું છે. રાજકોટમાં છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ 36.3 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી 7 દિવસને લઈને રાજ્યમાં હવામાનની આગાહી કરવામાં આવી છે. એ મુજબ આગામી 7 દિવસ વાતાવરણ શુષ્ક રહેશે.બેવડી રૂતુનો અનુભવ થઈ રહ્યો છે.

દરમ્યાન કચ્છમાં  છેલ્લા 24 કલાકમાં લઘુતમ તાપમાન નલિયા ખાતે 15.5 ડિગ્રી સેલ્સિયસ નોધાયું હતું..

---